# ‘સન્નારી’ કવર ગર્લ બનવું છે?

સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઈ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ ‘સન્નારી’ કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઈક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઈ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો. M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in




# પ્રિય સન્નારી

કેમ છો? મજામાં ને?

ઉનાળાની ગરમી શરૂ થઇ ગઈ છે. બપોરના સમયે આકરા તડકામાં ઘરની બહાર ન નીકળવું જ હિતાવહ છે. તમને થશે કે ઘરની બહાર નીકળ્યા વગર કેવી રીતે ચાલે? ચોક્કસ, તમારી વાત પણ સાચી છે પરંતુ, જે કામ સવારે કે સાંજે થઈ શકતાં હોય તે બપોરે કરવાનું તો ટાળી જ શકાય છે. બરાબર ને?

મિત્રો, ઘરની બહાર નીકળવાની વાત આવે એટલે તમારા મનમાં કેવો ખ્યાલ આવે? જાણતાં કે અજાણતાં, આપણે પુરુષોની સંખ્યા જ્યાં વધારે હોય તેવી જગ્યાની કલ્પના કરીએ છીએ. એટલે, અજાણતાં જ આપણે સ્વીકારી લઈએ છીએ કે જાહેર જગ્યાઓ પર પુરુષોનું આધિપત્ય હોય છે. હવે જરા, ઘર વિશેની કલ્પના કરી જુઓ. તમને ખ્યાલ આવી જશે કે ઘર સાથે સ્ત્રીની ઈમેજ જોડાયેલી છે. આમ, જે-તે સ્થાનને આપણે જેન્ડર પર્સપેક્ટીવથી જોઈએ છીએ. આપણો પુરુષપ્રધાન સમાજ રહ્યો છે. આપણી સામાજિક વ્યવસ્થા હંમેશાં એવી રહી છે કે સ્ત્રી મોટાભાગે ઘર સંભાળતી હોય અને પુરુષ અર્થોપાર્જન માટે ઘરની બહાર રહેતો હોય છે. વળી, સ્ત્રી જયારે ઘરની બહાર નીકળે છે ત્યારે તે હંમેશાં કંઈ ને કંઈ કામ માટે જ નીકળે છે. એટલે, સ્ત્રી ફક્ત લટાર મારવા કે ટાઈમ પાસ કરવા માટે ઘરની બહાર નીકળે તેવું મોટાભાગે બનતું નથી. તે જાહેર સ્થળો પરથી પસાર થવા માટે કે પોતાના કામ પૂરતું જ બહાર નીકળે છે. તમને કોઈ સ્ત્રી એકલી પિક્ચર જોવા જતા કે રેસ્ટોરાંમાં એકલી બેસીને જમતા ભાગ્યે જ જોવા મળશે અને જો તે કારણ વગર સ્થળો પર એકલી જોવા મળે ત્યારે તેના તરફ લોકોનો દ્રષ્ટિકોણ બદલાય જાય છે. લોકો તેને શંકાથી જુએ છે. અહીં, આપણે એવું નથી કહેવા માંગતાં કે જાહેર સ્થળો પર સ્ત્રીઓની હાજરી સ્વીકાર્ય નથી કે પછી સ્ત્રીઓ ઘરની બહાર બિલકુલ નીકળતી જ નથી એવું પણ નથી પરંતુ, આપણી સામાજિક વ્યવસ્થા એવી રીતની છે જે અજાણતા જ આપણને આ પ્રકારની પરિસ્થિતિ નોર્મલ છે તેમ સ્વીકારવા પ્રેરે છે.





આવી પરિસ્થિતિ ફક્ત સ્ત્રીઓ સાથે જ નથી થતી. પુરુષ પણ આ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરે છે પરંતુ તેમને આ અનુભવ ઘરમાં થાય છે. આગળ આપણે કહ્યું તેમ ઘર સાથે જેમ સ્ત્રીની ઈમેજ જોડાયેલી છે અને પુરુષ તેમાં કામ વગર લાંબો સમય બેસી રહે તો તે અજુગતું લાગે છે. કામ વગર ઘરમાં પુરુષની હાજરી સહજ રીતે સ્વીકાર્ય નથી અને વળી, જો તે રસોડામાં આવીને મદદ કરવા લાગે તો તે બધાના ચર્ચાનું કેન્દ્ર બની જાય છે. જાણે એ કોઈ મોટી નવાઈની વાત હોય તેમ! આમ, પિતૃકસત્તાક સમાજ આપણી વિચારસરણી પર હાવી થઈ જાય છે.

મિત્રો, ઘર હોય કે જાહેર સ્થળ તે કોઈના આધિપત્યનું સ્થાન નથી. તે દરેક વ્યક્તિ માટે સમાન છે અને તે મુજબ દરેકને સમાન તકો મળવી જોઈએ. ‘આ કામ સ્ત્રીઓનું નથી’ કે પછી ‘ આવી જગ્યા પર સ્ત્રીઓથી ના જવાય’ એવું સ્ત્રીને સાંભળવા મળે છે તો બીજી બાજુ, કોઈ પુરુષ ઘરમાં કામ કરે તો ‘આ કામ સ્ત્રીઓનું છે, પુરુષનું નહિ’ એવું તેમને સાંભળવા મળે છે. કોઈ પણ કાર્ય કે સ્થાન સ્ત્રી અને પુરુષ વચ્ચે વહેંચી દેવામાં આવ્યાં છે. જો કોઈ પોતાના આધિપત્ય સિવાયના સ્થાન પર જઈને કામ કરે તો લોકો તેની ટીકા કરે છે.

આપણી આ રૂઢિગત વિચારસરણીમાંથી સમાજ થોડો થોડો તો બહાર નીકળી રહ્યો છે. જેમ કે સ્ત્રીઓ એવાં ઘણાં ક્ષેત્રોમાં આગળ વધી રહી છે જેમાં ફક્ત અને ફક્ત પુરુષોનું જ આધિપત્ય હતું. તો વળી, આજે એવા ઘણા પુરુષો પણ તમને જોવા મળશે જે ઘરમાં પત્ની સાથે ખભે ખભા મેળવીને ઘરકામમાં મદદ કરતાં હોય છે. વર્ક ફ્રોમ હોમ લઈને ઘર અને બાળકો સંભાળવાનું પણ પસંદ કરે છે. આજે તો ઘણા પુરુષો વાઈફનો બિઝનેસ સારો ચાલતો થાય તો જોબ છોડીને પણ વાઈફના બિઝનેસમાં જોડાય છે. છતાં, પરિવર્તન માટે હજી ઘણો અવકાશ છે અને સૌથી મોટું પરિવર્તન જો કશે લાવવાની જરૂર હોય તો તે વિચારસરણી છે, આપણો દ્રષ્ટિકોણ છે.

કોઈ કાર્ય, સ્થાન કે લોકો તરફ જોવાનો આપણો અભિગમ આપણા સમાજનું ભવિષ્ય નક્કી કરે છે. ખુલ્લી વિચારસરણી અને સમાન દ્રષ્ટિકોણથી ઘડાયેલા સમાજનું ભવિષ્ય હંમેશાં ઉજ્જવળ રહે છે. તમને શું લાગે છે આના વિષે? જરૂરથી જણાવજો.

આવતીકાલે ૫ એપ્રિલે ‘ઈસ્ટર’ એટલે કે ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનનો દિવસ છે. આપણા ખ્રિસ્તી વાચકમિત્રોને ઈસ્ટરની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ચાલો, આવજો... ફરી મળીશું આવતા સપ્તાહે.

– સંપાદક

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર બરબોધનનાં માસી **દિવ્યા સુરતી** અને તેમની ભાણેજ દેવિશાની છે. દિવ્યાએ MA, B.Ed કર્યું છે. તે ટીચર છે. દિવ્યાને પુસ્તકો વાંચવાનું અને પ્રિયજનો સાથે સમય વિતાવવાનું ગમે છે. તેમને કુકિંગ અને ઘર સજાવવાનો શોખ છે.